His Highness Prince Aga Khan Shia Imami Ismaili
Council for India

# DIAMOND JUBILEE ANNOUNCEMENT

Ya Ali Madad,

The Jamat is aware that, for many months now, intensive planning and preparations have been ongoing at the international and national levels for commemorating the Diamond Jubilee of our beloved Mawlana Hazar Imam. In the guidance that he has been pleased to give from time to time, Hazar Imam has emphasised that, conforming to all earlier Jubilees, this approaching commemoration should be underpinned by our Tariqah's cherished values and ethics, which teach compassion, tolerance, generosity, and care of those in need. This announcement by the Ismaili Leaders' International Forum (LIF) and the National Council seeks to inform the Jamat of the events and activities planned for the Diamond Jubilee year from July 2017 to July 2018.

**Imamat Day:** On the 11th day of July 2017, marking the inauguration of the Diamond Jubilee year, Mawlana Hazar Imam will receive, at Aiglemont in France, a leadership delegation representing the global Jamat. In a solemn formal ceremony, the leaders will submit to Mawlana Hazar Imam the Jamat's humble homage and allegiance, and convey our love and boundless gratitude for the 60 years of *dini* and *duniyawi* leadership and guidance by the Imam, who has devoted all his time and energies for our progress, wellbeing, and safety. A telecast of the proceedings of this historic ceremony will be transmitted for viewing in Jamati gatherings globally on this day. The Jamat will be informed of arrangements in this regard, once they are finalised.

**Mawlana Hazar Imam's Jubilee visits:** Mawlana Hazar Imam has graciously accepted the Jamat's request to grant *zaheri deedar* in the period of the Jubilee year. These Imamat visits will be planned in cognisance of prevailing geo-political and other circumstances at the national as well as global levels, with primary consideration being given to issues of the Jamat's safety and security. As and when each visit is scheduled, the Jamat of that area will be informed formally of the confirmed details such as dates and locations.

**Jubilee Nazrana:** Since the launch of the Nazrana endeavour on the occasion of Navroz 2017, the Jamat's enthusiasm and generosity in submitting material as well as time-and-knowledge offerings have been most gratifying. These precious gifts, submitted entirely voluntarily to the Imam-of-the-Time by innumerable murids around the world, will be dedicated towards strengthening the institutions and programmes that Mawlana Hazar Imam has established for the progress of the Jamat, the Ummah, and society at large. The committees established by the National Council to assist in the Nazrana endeavour remain available to provide advice and direction to members of the Jamat wishing to submit Nazrana of either category.

**Jubilee Programmes:** A range of commemorative programmes and activities currently under preparation include initiatives that will aim to inform and educate the Jamat as well as provide entertainment in a joyful, commemorative spirit. The Jamat can look forward to a full year of local and international events and activities such as music concerts, exhibitions, film festivals, and stage shows, covering both *dini* and *duniyawi* aspects of life, with a focus on celebrating Mawlana Hazar Imam's vision, work, and achievements.

*5th Floor, Diamond Complex, 39/43, Nesbit Road, Mazagaon, Mumbai - 400 010*
*Telephone: (022) 6613 9600 Fax: (022) 6613 9603*

**Jubilee memorabilia:** As mementos and keep-sakes of this special celebration, a wide selection of items will be offered for purchase by the Jamat. These tastefully designed products will display approved Diamond Jubilee imagery, and embrace the diversity of Jamati traditions.

**Jubilee graphics:** Conforming with the Silver and Golden Jubilee commemorations, Mawlana Hazar Imam has approved the designs of an emblem and a motif that will serve as the Diamond Jubilee's formal graphic identity. The emblem, incorporating the Imamat crest and an *ayat* from the Holy Quran, will feature in all formal materials associated with the Jubilee, such as communications, invitation cards and plaques. This emblem will be first displayed during the Diamond Jubilee homage ceremony at Aiglemont on the 11th July, 2017. The motif, inspired by a floral design from the Fatimid period, will be utilised for decorative purposes in Jubilee related programmes and publications.

The LIF, the National Council, all other Jamati institutions, and the Jamati Mukhi-Kamadia and Mukhiani-Kamadiani thank all members of the Jamat who are participating with zeal and enthusiasm in the Jubilee preparations at all levels. Let us pray that our celebrations will achieve the objective, in our humble way, of expressing our unbounded gratitude to Mawlana Hazar Imam for his blessings, love, and care for us at all times.

Ameen

24.5.2017

His Highness Prince Aga Khan Shia Imami Ismaili
Council for India

# ડાયમંડ જ્યુબિલી જાહેરાત

યા અલી મદદ.

જમાતને સુવિદિત છે તેમ આપણા પ્યારા મૌલાના હાઝર ઇમામની ડાયમંડ જ્યુબિલીની ઉજવણી માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે અમુક મહિનાઓ થયા ઘણુંબધું આયોજન અને તૈયારીઓ ચાલી રહી છે. મૌલાના હાઝર ઇમામે ટાઈમ ટુ ટાઈમ ખુશીની સાથે આપણને જે હિદાયત આપતા રહ્યા છે તેમાં, હાઝર ઇમામે એ બાબત ઉપર ભાર આપેલ છે કે અગાઉની સઘળી જ્યુબિલીઓને સુસંગત રહી, આ આગામી ઉજવણીમાં આપણા તરીકાના સન્માનજનક મૂલ્યો અને નીતિમત્તાઓ, કે જે દયાભાવ, સહિષ્ણુતા, ઉદારતા અને જેઓ જરૂરતમંદ છે તેમની સંભાળની શીખ આપે છે, તે તેમાં પાયારૂપ હોવી જોઈએ. ધી ઇસ્માઈલી લીડર્સ ઇન્ટરનેશનલ ફોરમ (એલ.આઈ.એફ.) અને નેશનલ કાઉન્સિલ તરફની આ જાહેરાતમાં જમાતને જુલાઈ ૨૦૧૭થી જુલાઈ ૨૦૧૮ સુધીના ડાયમંડ જ્યુબિલી વર્ષ માટે આયોજિત કરવામાં આવેલ પ્રસંગો અને પ્રવૃત્તિઓની માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ઇમામત દિન:** તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૭ના ડાયમંડ જ્યુબિલીની શરૂઆત સમયે, મૌલાના હાઝર ઇમામ, વિશ્વભરની જમાતનું પ્રતિનિધિત્વ કરતાં આગેવાનોના પ્રતિનિધિમંડળને ફ્રાન્સમાં એગ્લોમેન્ટ ખાતે આવકારવાનું માન બક્ષશે. મહત્ત્વપૂર્ણ અને ઔપચારિક એવા આએ સમારંભમાં આગેવાનો મૌલાના હાઝર ઇમામને જમાતની નમ્ર ભક્તિભાવના અને વફાદારી સમર્પિત કરશે, અને ઇમામે ઝમાને આપણી પ્રગતિ, ભલાઈ અને સલામતી માટે આપશ્રીનો જે તમામ સમય અને શક્તિઓ અર્પણ કરેલ છે તે બદલ, તથા આપશ્રીની ૬૦ વર્ષો માટેની *દીની* અને *દુન્યવી* આગેવાની તેમજ હિદાયત માટે તેઓશ્રી તરફ આપણો પ્રેમ અને અપાર શુક્રાનાઓ પેશ કરશે. આએ ઐતિહાસિક સમારંભની કાર્યવાહીને વિશ્વભરમાં જમાતી સંમેલનોમાં નિહાળવા માટે આ દિવસે તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આએ આયોજનને અંતિમ સ્વરૂપ અપાઈ ગયા પછી આ સંદર્ભમાં તેની વ્યવસ્થા સંબંધી જમાતને જાણ કરવામાં આવશે.

*5th Floor, Diamond Complex, 39/43, Nesbit Road, Mazagaon, Mumbai - 400 010*
*Telephone: (022) 6613 9600 Fax: (022) 6613 9603*

His Highness Prince Aga Khan Shia Imami Ismaili
Council for India

**મૌલાના હાઝર ઇમામની જ્યુબિલી મુલાકાતો:** મૌલાના હાઝર ઇમામે જ્યુબિલી વર્ષના સમયગાળા દરમ્યાન *ઝાહેરી દીદાર*ની નવાજેશ ફરમાવવાની જમાતની વિનંતીને મહેરબાનીપૂર્વક કબૂલ ફરમાવેલ છે. જમાતની આએ મુલાકાતોનું આયોજન, રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે પ્રવૃત્તમાન ભૌગોલિક અને રાજકીય તથા અન્ય સંજોગોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે અને તેમાં જમાતની સુરક્ષા અને સલામતી પ્રતિ મહત્ત્વપૂર્ણ રીતે લક્ષ આપવામાં આવશે. જ્યારે પ્રત્યેક મુલાકાતનો સમય મુકરર કરવામાં આવશે, ત્યારે તે વિસ્તારની જમાતને તેની નક્કી કરવામાં આવેલ તારીખ અને સ્થળ જેવી વિગતો સંબંધી સત્તાવાર રીતે જાણ કરવામાં આવશે.

**જ્યુબિલી નઝરાણું:** નવરોઝ, ૨૦૧૭ના પ્રસંગે નઝરાણાના પ્રયાસોની શરૂઆતથી જ ભૌતિક અને સમય તેમજ જ્ઞાનનું નઝરાણું આપવાનો જમાતનો ઉત્સાહ અને ઉદારતા અતિશય સંતોષપ્રદ અને ખુશીપૂર્ણ રહી છે. ઝમાનાના ઇમામને જગતભરના અસંખ્ય મુરીદો દ્વારા સંપૂર્ણપણે સ્વૈચ્છિક રીતે અર્પણ કરવામાં આવેલ આ અનમોલ ભેટોને જમાત, ઉમ્માહ અને વિશાળ સમાજની પ્રગતિ માટે મૌલાના હાઝર ઇમામે જે સંસ્થાઓ અને કાર્યક્રમો સ્થાપિત કર્યા છે, તેમને મજબૂત બનાવવા માટે સમર્પિત કરવામાં આવશે. આ બન્નેમાંથી કોઈ પણ પ્રકારનું નઝરાણું આપવાની ઇચ્છા ધરાવતા જમાતના સભ્યોને સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવા માટે નેશનલ કાઉન્સિલ તરફથી નઝરાણાના પ્રયાસોની સહાય માટે સ્થાપિત કરવામાં આવેલી કમીટીઓ ઉપલબ્ધ છે.

**જ્યુબિલી કાર્યક્રમો:** ઉજવણીના હાલમાં તૈયારીઓ હેઠળના શ્રેણીબદ્ધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં એવી પહેલોનો સમાવેશ કરવામાં આવ્યો છે, કે જેનો આશય જમાતને માહિતી અને શિક્ષણ આપવાનો તેમજ ઉલ્લાસપૂર્ણ ઉજવણીના જુસ્સામાં મનોરંજન પૂરું પાડવાનો રહેશે. જમાત આએ પૂરા વરસ દરમ્યાન, મૌલાના હાઝર ઇમામની ભવિષ્યદ્રષ્ટિ, કાર્ય અને સિદ્ધિઓની ઉજવણી ઉપર ધ્યાન કેન્દ્ર કરીને, જીવનના *દીની* અને *દુન્યવી* એમ બન્ને પાસાઓને આવરી લેતાં, સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રસંગો અને પ્રવૃત્તિઓ, જેવી કે સંગીત મહેફિલો, ફિલ્મ ફેસ્ટીવલ્સ, સ્ટેજ શોની અપેક્ષા રાખી શકે છે.

5th Floor, Diamond Complex, 39/43, Nesbit Road, Mazagaon, Mumbai - 400 010
Telephone: (022) 6613 9600 Fax: (022) 6613 9603

His Highness Prince Aga Khan Shia Imami Ismaili
Council for India

**જ્યુબિલી ગ્રાફિક્સ:** મૌલાના હાઝર ઇમામે સિલ્વર અને ગોલ્ડન જ્યુબિલીની ઉજવણીઓને સુસંગત રહી એવા એમ્બ્લેમ – પ્રતીકચિહ્ન અને મોટિફ – કલાત્મક રચનાની ડિઝાઇનોને મંજૂર ફરમાવેલ છે, કે જેનો ડાયમંડ જ્યુબિલીની સત્તાવાર ગ્રાફિક ઓળખ તરીકે ઉપયોગ કરવામાં આવશે. ઇમામત તાજ અને પવિત્ર કુર્આનમાંની *આયત*નો સમાવેશ કરતું આએ પ્રતીકચિહ્ન, કમ્યુનિકેશન - સંદેશ વ્યવહાર સામગ્રી, આમંત્રણ કાર્ડ અને તક્તીઓ જેવી જ્યુબિલી સાથે સંકળાયેલ સત્તાવાર સામગ્રીઓમાં દર્શાવવામાં આવશે. આએ પ્રતીકચિહ્નની પ્રથમ રજૂઆત કે પ્રદર્શન તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૭ના દિને એગ્લેમોન્ટ ખાતે ડાયમંડ જ્યુબિલી હોમેજ સેરેમની દરમ્યાન કરવામાં આવશે. ફાતિમી યુગમાંની ફૂલોથી શણગારેલ ડિઝાઈનમાંથી પ્રેરિત થયેલ મોટિફ કે કલાત્મક રચનાનો ઉપયોગ જ્યુબિલી સંબંધિત કાર્યક્રમો અને પ્રકાશનોમાં શણગાર કે સજાવટના હેતુ માટે કરવામાં આવશે.

ધી ઇસ્માઈલી લીડર્સ ઇન્ટરનેશનલ ફોરમ (એલ.આઈ.એફ.), નેશનલ કાઉન્સિલ, જમાતની અન્ય સઘળી સંસ્થાઓ અને જમાતી મુખી-કામડિયા સાહેબો તથા મુખીયાણી-કામડિયાણી સાહેબાઓ જમાતના એ સર્વે સભ્યોનો આભાર માને છે કે જેઓ જ્યુબિલીની તૈયારીઓના સર્વે સ્તરોમાં ઉત્સાહ અને જોશપૂર્વક સહભાગી થઈ રહ્યા છે. આપણે દુ'આઓ ગુજારીએ કે આએ ઉજવણીઓ મૌલાના હાઝર ઇમામના આપણા માટે સર્વ સમયે દુ'આઆશિષો, પ્રેમ અને સંભાળ માટે આપણા નમ્રપણે અસીમ શુક્રાનાઓ અદા કરવા માટેના હેતુને પૂર્ણ કરશે. આમીન.

*5th Floor, Diamond Complex, 39/43, Nesbit Road, Mazagaon, Mumbai - 400 010*
*Telephone: (022) 6613 9600 Fax: (022) 6613 9603*